RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

વર્ષ–૦૬ અંક– ૫૨ (સુરત) તા.૨૯/૦૯/૨૦૨૬ મંગળવાર તંત્રી– મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના–૦૪ કિંમત ૧/– રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-52 SURAT DATE-29/09/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 કેદારનાથમાં ભારે-વરસાદ વચ્ચે સુરતના યાત્રીઓ ફસાયા

2 વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈની મુલાકાત લીધી

3 જીવનભારતી બાલભવનના બાળકોએ કરાટે સ્પર્ધામાં મેદાન માર્યું

3 દેલાડવા ગામે સુવિધાસભર નવી આંગણવાડીનું લોકાર્પણ

## ભારતને રશિયાનું ખુલ્લેઆમ સમર્થન, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ માં કાયમી સભ્યપદ માટેની હાકલ સાથે પશ્ચિમી દેશોનો વિરોધ કર્યો

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદની માંગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું છે. UN મહાસભાની ૮૧મી બેઠક દરમિયાન રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવે ભારત અને બ્રાઝિલની દાવેદારીને સમર્થન આપ્યું. આ સાથે, તેમણે પશ્ચિમી દેશો માટે વધુ કાયમી બેઠકો ફાળવવા સામે વિરોધ કર્યો. મોરિશિયસ અને પોર્ટુગલે પણ ભારતને સમર્થન આપ્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ અપાવવાની લાંબા સમયથી ચાલી રહેલી માંગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ૮૧ મી બેઠક દરમિયાન રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવે ભારત ઉપરાંત બ્રાઝિલની પણ કાયમી સીટની દાવેદારીને સમર્થન આપ્યું. સાથે જ તેમણે પશ્ચિમી દેશો માટે વધુ કાયમી બેઠકો ફાળવવાનો વિરોધ કર્યો.




લાવરોવના જણાવ્યા અનુસાર UNSC માં સુધારાનો મુખ્ય હેતુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાનું પ્રતિનિધિત્વ વધારવાનો હોવો જોઈએ. તેમણે ખાસ કરીને જર્મની અને જાપાનને નવી કાયમી સીટ આપવાના વિચારનો વિરોધ કર્યો. રશિયાના મતે સુરક્ષા પરિષદની વર્તમાન રચનામાં વૈશ્વિક દક્ષિણના વિસ્તારોને પૂરતું પ્રતિનિધિત્વ મળતું નથી.

UN મહાસભાની વર્તમાન ચર્ચા દરમિયાન ભારતની દાવેદારીને અન્ય દેશો તરફથી પણ સમર્થન મળ્યું છે. મોરિશિયસના વિદેશમંત્રી ધનંજય રામફુલે ભારતની કાયમી સભ્યપદની દાવેદારીનું સમર્થન કર્યું. પોર્ટુગલના વડાપ્રધાન લુઇસ મોન્ટેનેગ્રોએ પણ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી સુરક્ષા પરિષદની જરૂરિયાત વ્યક્ત કરી અને ભારતને કાયમી પ્રતિનિધિત્વ આપવાના સમર્થનમાં વાત કરી હતી.

ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાન ૪ જૂથનો હિસ્સો છે અને ચારેય દેશો UNSC માં કાયમી તેમજ બિન-કાયમી સભ્યપદની બેઠકો વધારવાની માંગ કરે છે. ૨૨ સપ્ટેમ્બરે ૪ દેશોના વિદેશમંત્રીઓની બેઠકમાં પણ સુરક્ષા પરિષદમાં બંને પ્રકારની બેઠકો વધારવાની જરૂરિયાત પર ચર્ચા થઈ હતી. જાપાનના વડાપ્રધાન સાનેએ તાકાઇચીએ પણ UNSCમાં કાયમી અને બિન-કાયમી બંને શ્રેણીની બેઠકો વધારવાની જરૂરિયાત વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે સુરક્ષા પરિષદની રચનામાં આજની વૈશ્વિક વાસ્તવિક્તા પ્રતિબિંબિત થવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ માં સુધારાની ચર્ચા દરમિયાન આફ્રિકાના પ્રતિનિધિત્વનો મુદ્દો પણ મહત્વનો બની રહ્યો છે. સીએરા લિયોનના રાષ્ટ્રપતિ જુલિયસ મડા બાયોએ દલીલ કરી કે વર્તમાન સુરક્ષા પરિષદની રચના ૧૯૪૫ની વૈશ્વિક વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે, જ્યારે આજે આફ્રિકાને કાયમી સીટ મળેલી નથી. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કુલ ૧૫ સભ્યો છે. તેમાં ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા પાંચ કાયમી સભ્યો છે.

## સજા માટે કૃત્યની અનૈતિકતા પુરતી નથી, પુરાવા પણ જરૂરી : સુપ્રીમ

નવી દિલ્હી : રેપના કેસમાં ૧૦ વર્ષની સજા પામેલાને છોડી મુક્તી વખતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે કોઇ કૃત્યની અનૈતિક્તાના આધારે આરોપીને સજા ના આપી શકાય, કેમ કે તે પુરતુ નથી, જે આરોપો લાગ્યા હોય તેના પુરાવા હોવા પણ જરૂરી છે. સુપ્રીમે હાઇકોર્ટના ચુકાદાને રદ કરીને દોષિતને છોડી મુક્યો હતો.



રેપના કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજા અપાઇ હતી, જેને બાદમાં હાઇકોર્ટમાં પડકારવામાં આવી હતી. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે સજાને યોગ્ય ઠેરવી હતી. તેથી આરોપી દ્વારા હાઇકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ સમગ્ર મામલામાં પીડિતોના નિવેદનોમાં વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. સુપ્રીમે નોંધ્યું હતું કે ટ્રાયલ અને હાઇકોર્ટે નિર્ણયો લેવામાં ભુલ કરી છે. માત્ર કોઇ કૃત્ય અનૈતિક હોવાના આધાર પર જ આરોપીને સજા ના આપી શકાય. સજા આપવા માટે પુરાવા હોવા પણ એટલા જ જરૂરી છે. આ સમગ્ર મામલામાં પીડિતાના નિવેદનનો એક હિસ્સો સ્વીકાર કરવામાં આવ્યો છે જ્યારે બીજો હિસ્સો રદ કરી દેવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલો આઇપીસીની કલમ ૩૬૬ અને ૩૭૬ સાથે જોડાયેલો છે. ટ્રાયલ કોર્ટે ૨૦૧૨માં એક કલમમાંથી આરોપીને મૂક્ત કર્યો હતો જ્યારે બીજી કલમ ૩૭૬ હેઠળ રેપ બદલ દોષિત ઠેરવ્યો હતો.

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગ, આ હોદ્દા પર બેઠેલા અધિકારીને હટાવવાની પ્રક્રિયા શું છે

ભારતની લોકશાહીના ઇતિહાસમાં ક્યારેય પણ કોઈ મુખ્ય ચૂંટણી કમિશનર ને મહાભિયોગ દ્વારા તેમના પદ પરથી હટાવવામાં આવ્યા નથી. પરંતુ, હાલમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષે મોરચો માંડ્યો છે. તેમની સામે મતદાર યાદી સુધારણામાં ગેરરીતિ અને પક્ષપાતી વલણના ગંભીર આક્ષેપો લાગ્યા છે. જેને લઈને તમામ વિપક્ષી પક્ષો (INDIA બ્લોક) એકજૂથ થયા છે અને આગામી સંસદ સત્ર પહેલા તેમની સામે ત્રીજો મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યા છે. ચાલો સમજીએ કે આ વિવાદ શું છે અને CEC ને હટાવવાની પ્રક્રિયા કેટલી જટિલ છે. તાજેતરમાં ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ બાદ જ્ઞાનેશ કુમાર વિપક્ષના નિશાના પર આવ્યા છે. વિપક્ષનો આરોપ છે કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ





રિવિઝન નામની પ્રક્રિયા હેઠળ દેશભરમાંથી લાખો મતદારોના નામ મનસ્વી રીતે કમી કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચમાં આંતરિક મતભેદો હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. ઉપરાંત, તાજેતરમાં જ કેરળના પૂર્વ મુખ્ય સચિવે એક વિસ્ફોટક દાવો કર્યો છે કે જ્યારે જ્ઞાનેશ કુમાર સરકારી અધિકારી હતા, ત્યારે તેમણે વર્ષ ૨૦૧૯ ની ચૂંટણીમાં તેમને એક રાજકીય પક્ષની ટિકિટની ઓફર કરી હતી.

આવા ગંભીર આક્ષેપોને કારણે વિપક્ષ તેમના રાજીનામાની માંગ કરી રહ્યું છે. આગામી ૩૦ સપ્ટેમ્બરના રોજ INDIA બ્લોકની બેઠક મળવાની છે, જેમાં આ મુદ્દે અંતિમ રણનીતિ નક્કી કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવા કોઈ સરળ બાબત નથી. ભારતીય બંધારણમાં તેને માટે ખૂબ કડક જોગવાઈઓ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સમાન દરજ્જો: બંધારણના અનુચ્છેદ ૩૨૪ (૫) મુજબ, મુખ્ય ચૂંટણી કમિશનરને માત્ર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હટાવવાની પ્રક્રિયા દ્વારા જ પદ પરથી દૂર કરી શકાય.

## જે લોકો ટ્રાફિક ચલણ નથી ભરતા તેની રકમ વીજળી બિલમાં જોડી દો, સુપ્રીમ કોર્ટે એક સાથે આપ્યા અનેક સૂચન

સુપ્રીમ કોર્ટે ટ્રાફિક ઈ-ચલણની વસૂલાત માટે મહત્વપૂર્ણ સૂચન કર્યું છે. કોર્ટે જણાવ્યું કે જો લોકો ચલણ ન ભરે, તો તેને વીજળીના બિલમાં જોડી દેવું જોઈએ. દેશમાં ૪૫,૦૦૦ કરોડના ઈ-ચલણ બાકી છે, જેમાંથી ૨૫,૦૦૦ કરોડની વસૂલાત થઈ છે. કોર્ટે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રિન્યુઅલ અને PUC સર્ટિફિકેટ આપવા પર રોક લગાવવાની પણ ભલામણ કરી છે.




સુપ્રીમ કોર્ટે ટ્રાફિક ચલણની વસૂલાતને લઈને એક મોટું સૂચન કર્યું છે. કોર્ટે કહ્યું કે જો લોકો ટ્રાફિક ચલણ નથી ભરી રહ્યા, તો તેને તેમના વીજળીના બિલમાં જોડી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકોએ વીજળીનું બિલ તો ભરવું જ પડશે, નહીતર વીજળીનું કનેક્શન કાપી નાખવામાં આવશે. દેશમાં તેનો કોઈ રસ્તો કાઢવો પડશે. મહત્વનું છે કે ઈ ચલણ ઈસ્યુ કર્યા બાદ જો ન ભરવામાં આવે તો તેની વસૂલાત માટે સંબંધિત કોર્ટમાં મોકલવામાં આવે છે.

જસ્ટિસ જેબી પારડીવાલાએ કહ્યું કે માત્ર ઈ-ચલણ જાહેર કરતા રહેવું પૂરતું નથી. પોલીસ આવા હજારો-લાખો ઈ-ચલણ જાહેર કરી શકે છે, પરંતુ સાચી મુશ્કેલી ઈ-ચલણ દ્વારા લગાવવામાં આવેલા દંડની વસૂલાતનો છે. કોર્ટને જણાવવામાં આવ્યું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ઈ-ચલણ હેઠળ ૪૫,૦૦૦ કરોડ રૂપિયા વસૂલવાના છે. અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની વસૂલાત થઈ ચૂકી છે.

કોર્ટે કહ્યું કે અધિકારીઓએ જમીની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને જમીની સ્તર પર કામ કરવાની જરૂર છે. સામાન્ય રીતે ઈ-ચલણ જાહેર થયા પછી તેને દંડ વસૂલવા માટે કોઈ ચોક્કસ કોર્ટમાં મોકલવામાં આવે છે. વ્યક્તિ કોર્ટમાં હાજર થાય છે અને દંડ ભરે છે.

## સગીરોના સોશિયલ મીડિયા પર એકાઉન્ટ નિયંત્રણ અંગે વિચાર કરો: સુપ્રીમ કોર્ટનો સરકારને નિર્દેશ



સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરોને સોશિયલ મીડિયા એકાઉન્ટ ખોલવાથી દૂર રાખવા નિર્દેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની બેન્ચે સોશિયલ મીડિયા એકાઉન્ટ માટે લઘુતમ ઉંમર ૧૮ વર્ષ નક્કી કરવાની શક્યતાઓ તપાસવા જણાવ્યું. અદાલતે બાળકોની ઓનલાઈન સુરક્ષાને કાયદાકીય પીઠબળ આપવા પર ભાર મૂક્યો. સરકારે આ ગંભીર બાબતની તપાસ કરી પગલાં ભરવાની ખાતરી આપી.

દેશમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરોને સોશિયલ મીડિયા એકાઉન્ટ ખોલવાથી કેવી રીતે દૂર રાખી શકાય, તે દિશામાં નક્કર પગલાં ભરવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા એકાઉન્ટ ખોલવા માટે લઘુતમ ઉંમર ૧૮ વર્ષ નક્કી કરવાની શક્યતાઓ સરકારે તપાસવી જોઈએ.

### ધરમપુરના શૈક્ષણિક પ્રવાસે વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે આનંદનો સંચાર

## શ્રીમતી કે. વી. માંગુકિયા દિવ્ય જીવન સાધના વિદ્યાલય, જોથાણના ૭૯ વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોની મુલાકાત લઈ મેળવી જ્ઞાનવર્ધક અનુભૂતિ

**પ્રજા પંખ, જોથાણ:** શ્રીમતી કે. વી. માંગુકિયા દિવ્ય જીવન સાધના વિદ્યાલય, જોથાણ દ્વારા તા. ૨૦-૦૯-૨૦૨૬, રવિવારના રોજ શાળાના ૭૯ વિદ્યાર્થીઓ માટે ધરમપુર ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી પદ્માબેન પટેલ, નિયામકશ્રી ગોવિંદભાઈ ખડેલા તેમજ શિક્ષકમિત્રોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ વિવિધ ઐતિહાસિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક સ્થળોની મુલાકાત લીધી હતી.

પ્રવાસ દરમિયાન સૌપ્રથમ ધરમપુર ખાતે આવેલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લેવામાં આવી હતી. આશ્રમનું શાંત અને મનમોહક વાતાવરણ તેમજ આસપાસના સુંદર પ્રાકૃતિક દૃશ્યોથી વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદિત થયા હતા. આધ્યાત્મિકતા અને પ્રકૃતિના સુંદર સમન્વયનો વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ થયો હતો.

ત્યારબાદ સિદમ્બર ખાતે આવેલ વનવાસી છાત્રાલયની મુલાકાત લેવામાં આવી હતી. છાત્રાલયના સંચાલક શ્રી રમેશભાઈ બાંભરોડિયા તથા છાત્રાલયના બાળકોએ શાળાના વિદ્યાર્થીઓનું પ્રેમ અને આત્મીયતાથી હાર્દિક સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને વનવાસી બાળકોના જીવન, શિક્ષણ અને



છાત્રાલયની પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી તેમની સાથે આત્મીય સંવાદ કરવાનો અવસર મળ્યો હતો.

આ ઉપરાંત ધરમપુર ખાતે આવેલ મ્યુઝિયમની મુલાકાત પણ લેવામાં આવી હતી. મ્યુઝિયમમાં જૂના જમાનાના વિવિધ હથિયારો, વસ્ત્રો, પહેરવેશ તેમજ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વસ્તુઓ વિદ્યાર્થીઓએ નિહાળી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને આપણા ભૂતકાળ, પરંપરા, સંસ્કૃતિ અને જીવનશૈલી વિશે અનેક નવી તથા રસપ્રદ બાબતો જાણવા મળી હતી.

સમગ્ર શૈક્ષણિક પ્રવાસ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, આનંદદાયક, પ્રેરણાદાયક અને યાદગાર રહ્યો હતો. વિવિધ સ્થળોની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ પ્રકૃતિ, આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને ઇતિહાસનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. વર્ગખંડના શિક્ષણ સાથે આવા શૈક્ષણિક પ્રવાસો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી પદ્માબેન પટેલે જણાવ્યું હતું કે, આવા શૈક્ષણિક પ્રવાસો વિદ્યાર્થીઓને પુસ્તકી જ્ઞાનની સાથે પ્રત્યક્ષ અનુભવ અને જીવનલક્ષી સમજ આપે છે. ધરમપુરના પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ આનંદ સાથે નવી બાબતો શીખી અને વિવિધ સ્થળોની વિશિષ્ટતાઓને નજીકથી જાણી હતી. શાળા પરિવાર દ્વારા આ સફળ શૈક્ષણિક પ્રવાસ માટે પ્રવાસમાં જોડાયેલા તમામ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રી, નિયામકશ્રી તથા શિક્ષકમિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## આજ પ્રજાપંખ માં....

### - નખરા-



નખરા કરવા એનો જન્મસિદ્ધ અધિકાર
એમાં તો એ કોઈ ને ગાંઠે નહીં,
નખરા માં P.hd કરેલી છે
એને સમજવાનું બહુ ભારી છે !

નખરા કરે અને દુનિયા માથે લઈ લે
ઊલટું પુલટું બધું કરી દે,
એને કહેવાની હિંમત કોણ કરે
સામે થી એ ભારે પડે !

નવા નવા પેતરા, નવી આઇડિયા
એના ફળદ્રુપ ભેજા માં ચાલતી રહે,
કેવી મિસાઈલ ક્યારે આવે
સલામતી પોતાની શોધવી પડે !

એ નટખટ છે, ચંચલ છે
એની હર અદા માં મસ્તી છે,
નખરા એનો ખૂબસૂરત અંદાજ છે
આ રૂપ મારા દિલ ના કરીબ છે !!

**અશ્વિન 'અટપટા'**

# વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈની મુલાકાત લીધી

## યુનિવર્સિટીમાં શૈક્ષણિક પ્રવાસે આવેલા બાળકો સાથે મંત્રીશ્રીએ આત્મીય સંવાદ સાધ્યો



**તાપી-** રાજયના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તાપી જિલ્લાના ઉકાઈ તાલુકામાં આવેલી કામધેનુ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે યુનિવર્સિટીમાં મત્સ્યપાલન અને માછલી ઉછેર સહિતની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી હતી.

મંત્રીશ્રીએ મત્સ્યપાલન ક્ષેત્રે કરવામાં આવતી વિવિધ કામગીરી, માછલી ઉછેરની પદ્ધતિઓ તેમજ આ ક્ષેત્રના વિકાસની સંભાવનાઓ અંગે કામધેનુ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચર હેડ ડો. સ્મિત લેન્ડે પાસેથી વિગતવાર જાણકારી મેળવી હતી. સાથે જ આસપાસના વિસ્તારમાં મત્સ્ય વિકાસને વધુ વેગ આપી શકાય તે માટે ઉપલબ્ધ સંસાધનો અને સંભવિત તકો અંગેપણ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીમાં શૈક્ષણિક પ્રવાસે આવેલા બાળકો સાથે મંત્રીશ્રીએ આત્મીય સંવાદ સાધ્યો હતો. બાળકો પાસેથી તેમના શૈક્ષણિક પ્રવાસ અને યુનિવર્સિટીની મુલાકાત અંગે જાણકારી મેળવી મંત્રીશ્રીએ તેમને પ્રકૃતિ, પર્યાવરણ અને જળસંરક્ષણ પ્રત્યે જાગૃત રહેવા પ્રેરિત કર્યા હતા.

ત્યારબાદ મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓ સાથે આસપાસના વિસ્તારમાં મત્સ્ય વિકાસની સંભાવનાઓ અંગે સ્થળ પર માહિતી મેળવી હતી. સ્થાનિક સ્તરે મત્સ્યપાલન ક્ષેત્રના વિકાસ, રોજગારીની તકો અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળે તે દિશામાં જરૂરી આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે મંત્રીશ્રીએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# તંત્રી લેખ........

## આપણો વ્યવહાર એ જ આપણી ઓળખઃ વર્તન સાચું દર્પણ

જાણીતા વિચારક અને લેખક મેક્સ મૂલરે કહ્યું છે કે વ્યક્તિના આચાર-વિચાર અને વ્યવહાર એ વ્યક્તિનું દર્પણ છે. તમે જેવા ભીતર હો છો, એવા જ તમે તમારા વ્યવહાર અને વર્તન દ્વારા લોકો સમક્ષ પ્રગટ થતા હોવ છો. કપડાં શરીર ઢાંકી શકે પણ તમારા મગજમાં શું ચાલે છે એ તમે ઢાંકી શકતા નથી, કેમ કે એ તો તમારા શબ્દો કે વ્યવહાર દ્વારા પ્રગટ થઈ જ જાય છે.

આપણો વ્યવહાર એ જ આપણી ઓળખ બનતી હોય છે. આપણું વર્તન એ જ આપણું દર્પણ અને આપણી સાચી છબી બને છે. જયારે આપણને કોઈ પરિચિત સામે મળે ત્યારે વાતચીતની શરૂઆત આપણે કરી શકીએ અને કેમ છો? કહેવું જોઈએ. ફોન ઉપર પણ વાત કરતી વખતે હંમેશા સ્ફૂર્તિ અને તરવરાટ સાથે જ વાત કરવી જોઈએ. કેમ કે તમે અગર મૂડમાં નથી તો એ વાત ફોન કરનાર સામેની વ્યક્તિને ખબર ના હોય. આથી હંમેશા પ્રસન્ન રહીને જ વાત કરવી જોઈએ.

ટેક્નોલોજીના આ જમાનામાં પણ વાંચનની ટેવ હોવી જોઈએ. ગમતું પુસ્તક વાંચવાથી મન પ્રસન્ન રહેશે. જયારે કોઈનો દોસ્તીનો હાથ લંબાયો હોય તો એની અવગણના કરવી જોઈએ નહિ. હંમેશા બહાદુરી દાખવવી જોઈએ.

હકારાત્મક જીવન જીવવા માટેના ફંડા આત્મસાત્ કરવા જોઈએ. આનંદ થાય ત્યારે ખુશી વ્યક્ત કરી લેવી જોઈએ. હાસ્ય તન-મનનું અમૃત છે. દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવું જોઈએ. આપણાથી કોઈને હર્ટ ના થાય એનું ધ્યાન રાખવું જોઈએ. કોઈને કટુ વચન - ખરાબ શબ્દો ન કહેવા જોઈએ. આપણી અંગત વાતો અન્ય વ્યક્તિને કહેતા પહેલા હંમેશા સો વખત વિચાર કરવો જોઈએ એટલે કે ના જ કહેવી જોઈએ. તમને ખબર નથી હોતી કે તમે જેના ઉપર ભરોસો મૂકશો એ વ્યક્તિ જ તમારી વાતો અન્ય લોકો સુધી પણ પહોંચાડી શકે છે.

જયારે કોઈ વ્યક્તિ તમારી પાસે કોઈ કામ થાય એવી આશા લઈને આવે છે ત્યારે એની આશા માત્ર તમે જ હોવ, એવું બને. આથી કોઈને નિરાશ કરવા જોઈએ નહિ. શક્તિ પ્રમાણે ખર્ચ કરવો જોઈએ. ઉધારનું કંઈ પણ મળે તો પણ તે ના લેવું જોઈએ. કેમ કે ઉધારની ચુકવણી કરવાની કોઈ ગેરંટી હોતી નથી. જેના વિચારો નકારાત્મક હોય એવી વ્યક્તિઓ સાથે સંપર્ક રાખવો જોઈએ નહિ.જયારે તમે અન્ય વ્યક્તિ પાસે કામ કરાવી રહ્યા હોય ત્યારે સામી વ્યક્તિની ભૂલો એક વાર અથવા બે વાર માફ કરી શકાય પરંતુ ત્રીજી વાર તો કદાપિ નહિ. બીજી અથવા ત્રીજી તક તો કોઈને આપવી જોઈએ નહિ. જયારે તમને બીજાના કામથી સંતોષ થતો નથી તો બહેતર છે કે તે કામ આપણે જાતે જ કરી લેવું જોઈએ. આપણી નજીકની વ્યક્તિઓ, પરિવાર અને સંતાનો વગેરેને આપણે સમયની અને પૈસાની કિંમત યાને મૂલ્ય સમજાવવું જોઈએ.જયારે કોઈ સંબંધમાં વિવાદ કે અણબનાવની ગાંઠ પડી જાય ત્યારે તે સંબંધની ગાંઠને કાપી નાખવાના બદલે ઉકેલવાની કોશિશ કરવી જોઈએ. આપણા સ્વજનો, પરિવાર, સંબંધીઓની આપણે સમય સમય પર કાળજી લેતા રહેવું જોઈએ. કાળજી લેવી જ પૂરતું નથી પણ આપણા સ્વજનોને આ વાતનો અહેસાસ પણ કરાવતા રહેવું જોઈએ.

એમ કહેવાય છે કે કોઈને ઉંમર અને સેલરી પૂછવી જોઈએ નહિ, એમ જ કોઈની ટીકા-ટિપ્પણી પણ કરવી જોઈએ નહિ. કોઈની વાતો કોઈએ કહેલી કે સાંભળેલી હોય તેમાં સૂર પુરાવવો જોઈએ નહિ. જે વ્યક્તિ હાજર ના હોય અથવા મૃત્યુ પામી હોય એના વિશે બને તો વખાણ કરી શકાય પરંતુ એના વિશે નકારાત્મક તો ના જ બોલવું જોઈએ.આપણે જયારે આપણી સમસ્યા અન્ય લોકોને કહીએ છીએ ત્યારે એ સૌની પીઠ પાછળ આપણે જ હાસ્યાસ્પદ બની જતા હોઈએ છીએ. કેમ કે કોઈને તમારી સમસ્યામાં રસ હોતો જ નથી. લોકોને તમે કેટલા ઉપયોગમાં આવી શકો છો, એ વાત પૂરતો જ રસ હોય છે. કોઈ પણ કાર્ય કર્યા પછી અગર નિષ્ફળતા મળી હોય તો પણ પોતાની જાત ઉપર અફસોસ કરવો જોઈએ નહિ. જે વીતી ગયું એ ભૂતકાળ સમજીને ભૂલી જવામાં જ ભલાઈ છે.

# કેદારનાથમાં ભારે વરસાદ વચ્ચે સુરતના યાત્રીઓ ફસાયા



સુરત-ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રા દરમિયાન સતત વરસી રહેલા વરસાદના કારણે સુરતથી દર્શનાર્થે ગયેલા શ્રદ્ધાળુઓ ફસાયા છે. અલથાણ વિસ્તારના ૧૪ લોકોનું એક ગ્રૂપ બાબા કેદારના દર્શન માટે ગયું હતું, જયાં હવામાન ખરાબ થતાં તમામ લોકો અટવાઈ પડ્યા હતા. આ પૈકી ૩ સભ્યોનું સ્થાનિક પ્રશાસન દ્વારા હેલિકોપ્ટરથી રેસ્ક્યૂ કરી સલામત સ્થળે ખસેડવામાં સફળતા મળી છે, પરંતુ બાકીના ૧૧ લોકો હજુ પણ ત્યાં જ ફસાયેલા છે. સ્થાનિક સ્તરેથી કોઈ યોગ્ય સહકાર કે પ્રત્યુત્તર ન મળતો હોવાનો આક્ષેપ કરીને યાત્રીઓએ સરકાર તાત્કાલિક દખલ કરે તેવી માંગ.

## મન કી બાતના ૧૩૮ મા એપિસોડનું

# સુરત રેલવે સ્ટેશન ખાતે કુલી એસોસિએશન દ્વારા સફળ આયોજન કરાયું



**સુરત-** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ રમન કી બાત ના ૧૩૮મા એપિસોડનું સુરત રેલવે સ્ટેશન ખાતે કુલી એસોસિએશન દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૨૦૦ કુલી ભાઈઓએ ઉપસ્થિત રહી મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

આ પ્રસંગે મહામંત્રી કરસન ગોડલિયા, મહામંત્રી દુર્ગા પ્રસાદ પંડે, ગુજરાત પ્રદેશ સંગઠનના રમન કી બાત ના દક્ષિણ ઝોનના પ્રભારી નિરવ શાહ, મન કી બાતના સુરત શહેર ના ઇન્ચાર્જ-સહ ઇન્ચાર્જ તેમજ શહેર સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વડાપ્રધાનનું સંબોધન સાંભળ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કુલી એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં આયોજક તરીકે મનીષભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ મન કી બાત ના ૧૩૮ મા એપિસોડનું સુરત મહાનગરમાં ૩૦ વોર્ડમાં વિવિધ સ્થળોએ આયોજન કરવામાં આવ્યું હતું.

# રાશીફળ

**મેષ** -પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે.

**વૃષભ** -આળસથી બચવું તથા કાર્યો સમય પર કરવાનો પ્રયત્નવ કરો. સંતાન તરફથી પ્રસન્નતા રહેશે. સ્વા-વિવેકથી કાર્ય કરવું લાભદાયી રહેશે. કાર્યમાં સમયને મહત્વદ ન આપવાને કારણે માનસિક ક્લે.શનો યોગ બનશે.

**મિથુન**-બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું. વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબનાં સભ્યોહનો સહયોગ મળી શકે છે. કોઈ અગત્યાનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. સત્સંવગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે.

**કર્ક** -પ્રતિષ્ઠિત વ્યમક્તિવઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્નશ કરવો. ગુસ્સો અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ**-નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યા.પારમાં મુશ્કેકલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યા.પારમાં ભાગ્ય વર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**કન્યા**-મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાોપાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે. સંબંધો પ્રત્યેવ વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્નર કરવો પડશે.

**તુલા**-વિવાદોથી બચવું. સંતાન પક્ષ, મિત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાના યોગ. કાર્યમાં સમયને મહત્વત ન આપવાને કારણે માનસિક ક્લેશનો યોગ બનશે.

**વૃશ્ચિક** -શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થવાનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યેવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યથવર્ધક યાત્રાઓ સંભાવિત. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાગપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. ધાર્મિક સમસ્યાંઓ પર વિચાર-વિમર્શનો યોગ.


**ધન**-શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યયવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ. ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મકર** -સ્વાચધ્યાુયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિાતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે.

**કુંભ**-યોગ્યક દિશામાં પ્રયત્નદ કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વેવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

**મીન**-સંપત્તિ ખરીદવાનો યોગ બનશે. અધ્યબયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે.

# વિક્કી કૌશલ લવ એન્ડ વોર ફિલ્મમાં વિલનના રોલમાં હોવાની સંભાવના



મુંબઈ : સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર'માંથી વિક્કી કૌશલનો લુક મુંબઈમાં જાહેર થયો છે. પોસ્ટરમાં તે વિન્ટેજ હેરકટ અને મૂછો સાથે લાઈટરથી સિગારેટ સળગાવતો દેખાય છે, જે વિલનના રોલનો સંકેત આપે છે. રણબીર અને આલિયાના લુક બાદ હવે વિક્કીનો લુક પણ વાયરલ થયો છે. આ ફિલ્મ ૨૧ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ રિલીઝ થશે.

સંજય લીલા ભણશાલીની આવનારી ફિલ્મ લવએન્ડ વોરના રણબીર કપૂર અને આલિયાના પ્રથમ લુક શેર કર્યા પછી હવે વિક્કી કૌશલનું લુક જાહેર કરવામાં આવ્યું છે. આ પોસ્ટરમાં અભિનેતા વિન્ટેજ હેરકટ અને મૂછોમાં લાઈટરથી સિગારેટ પેટાવતો જોવા મળી રહ્યો છે. તેના આ લુક પરથી તે વિલનના રોલમાં હશે તેમ લોકો માની રહ્યા છે. સોશયલ મીડિયા પર વિક્કીના આ લુકને પસંદ કરવામાં આવ્યું હતુ. પોસ્ટર શેર કરતાં વિક્કી કૌશલે કેપ્શનમાં લખ્યું હતું કે, નજરે મિલેંગી, લેકિન હટેંગી નહીં. આ પોસ્ટર સાથે રિલીઝ તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૭ ની ઘોષણા કરવામાં આવી છે. ગયા ગુરુવારે ફિલ્મસર્જકે રણબીર કપૂર અને આલિયા ભટ્ટના પ્રથમ લુક શેર કર્યા હતા. જેમાં રણબીર એક વિન્ટેજ સ્પોર્ટ્સ કારમાં ડ્રાઇવરની સીટ પર બેઠેલો જોવા મળ્યો હતો અને તેના હાથ પર ગોળી માર્યાની ઇજા પણ જોવા મળી હતી. સંજય લીલા ભણશાલીએ પોતાની આ ફિલ્મ લવ એન્ડ વોરની ઘોષણા ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં કરી હતી. આ ફિલ્મને ૪૨૫ કરોડ રૂપિયાના બજેટ સાથે બનાવવામાં આવી છે.

# ગુજરાતના દિગ્ગજ ઓલરાઉન્ડર પર બેટિંગ કોચ ફિદા, ૨૦૨૭ નું વર્લ્ડ કપ રમાડવાની તરફેણમાં

## વનડે ક્રિકેટમાં જાડેજાનું ત્રિપાંખીય યોગદાન (બેટિંગ, બોલિંગ અને ચપળ ફિલ્ડિંગ) ટીમનું સંતુલન જાળવી રાખવા માટે અનિવાર્ય છે.



ટીમ ઇન્ડિયાના બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને ICC વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે મહત્ત્વનો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, જાન્યુઆરી પછી ટીમમાં પરત ફરેલા જાડેજાનો બહોળો અનુભવ ટીમ માટે અનમોલ છે. રોહિત અને વિરાટની જેમ જાડેજા પણ વનડે ફોર્મેટ માટે ટીમ મેનેજમેન્ટની આગામી વૈશ્વિક યોજનાઓમાં કેન્દ્રસ્થાને છે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની વનડે શ્રેણી શરૂ થવા પૂર્વે ટીમ ઇન્ડિયાના બેટિંગ કોચ સિતાંશુ કોટકે સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની ક્ષમતા અને યોગદાનના મુક્ત મને વખાણ કર્યા છે. જાન્યુઆરી મહિના પછી ટીમમાં વાપસી કરી રહેલા જાડેજાને તેમણે ICC વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ ના ભાવિ રોડમેપનો અત્યંત મહત્ત્વનો ભાગ ગણાવ્યો છે. સિતાંશુ કોટકે ભારપૂર્વક જણાવ્યું કે જાડેજા પાસે રહેલો બહોળો આંતરરાષ્ટ્રીય અનુભવ ટીમ માટે અનમોલ છે, કારણ કે અનુભવ એવી બાબત છે જેને કોઈ હરાવી શકતું નથી.

કોચના જણાવ્યા અનુસાર, રોહિત શર્મા અને વિરાટ કોહલીની જેમ જ રવીન્દ્ર જાડેજા પણ વનડે ફોર્મેટ માટે ટીમ મેનેજમેન્ટની આગામી વૈશ્વિક યોજનાઓમાં કેન્દ્રસ્થાને છે.

વનડે ક્રિકેટમાં જાડેજાનું ત્રિપાંખીય યોગદાન (બેટિંગ, બોલિંગ અને ચપળ ફિલ્ડિંગ) ટીમનું સંતુલન જાળવી રાખવા માટે અનિવાર્ય છે. તેઓ ૨૦ થી ૨૫ ખેલાડીઓના તે મુખ્ય પૂલનો હિસ્સો છે, જેમને ભવિષ્યની મોટી ICC ઇવેન્ટ્સ અને વર્લ્ડ કપ ૨૦૨૭ ની તૈયારીઓ માટે ધ્યાનમાં રાખવામાં આવી રહ્યા છે. કોચે સ્પષ્ટ કર્યું કે લાંબા અંતરાલ બાદ પણ મેદાન પર ઉતરતી વખતે જાડેજા જે આત્મવિશ્વાસ, ફિટનેસ અને રમત પરની પકડ દર્શાવે છે તે અદભુત છે. વૈભવ સૂર્યવંશીને એશિયન ગેમ્સમાં મળશે તક? ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સામે બીજી તરફ, એશિયન ગેમ્સમાં ભારતીય ટીમ ગોલ્ડ મેડલ જીતવાના મજબૂત લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. સુવર્ણપદક પોતાના નામે કરવા માટે ભારતે આગામી ૩ મુકાબલા જીતવા અનિવાર્ય બનશે. ભારતનો મહત્ત્વપૂર્ણ ક્વાર્ટર ફાઇનલ મુકાબલો ૨૮ સપ્ટેમ્બરના રોજ અફઘાનિસ્તાન સામે રમાવાનો છે, જેમાં યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીને પ્લેઇંગ ઇલેવનમાં તક મળે છે કે નહીં તેના પર સૌ ક્રિકેટપ્રેમીઓની નજર રહેશે.

## હજીરામાં ૨.૭૦ કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટ લગાવાઇ

### મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીનો માર્ગ પ્રકાશિત થતાં રાત્રિ મુસાફરી વધુ સલામત બનશેઃ સંદીપ દેસાઈ





**પ્રજાપંખ દ્વારા, સુરત :** સુરતને હજીરા વિસ્તાર સાથે જોડતા મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ અને સર્વિસ રોડ પર ૩.૨.૭૦ કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટ લગાવવાનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. આ પ્રકલ્પનું લોકાર્પણ ધારાસભ્ય સંદીપ દેસાઈના અધ્યક્ષસ્થાને હજીરા એરિયા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ હેમંતભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાટપોર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, મગદલ્લા ધગઈ બ્રિજથી હજીરા સર્કલ સુધીના માર્ગ પર સ્ટ્રીટલાઈટના અભાવે રાત્રિના સમયે અકસ્માતનું જોખમ રહેતું હતું. હજીરા વિસ્તારના ઔદ્યોગિક એકમોને કારણે ભારે વાહનોની સતત અવરજવર વચ્ચે સ્થાનિક ગ્રામજનોની સલામતીને ધ્યાનમાં રાખી સમગ્ર માર્ગને પ્રકાશિત કરવાની રજૂઆત કરવામાં આવી હતી. હજીરા નિર્દિષ્ટ વિસ્તારના અનુદાનમાંથી સમગ્ર પ્રકલ્પ માટે અંદાજે ૩.૬.૪૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તે પૈકી પ્રથમ તબક્કામાં મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીનું કામ પૂર્ણ થયું છે. સ્ટ્રીટલાઈટ શરૂ થતાં માર્ગનો અંધકાર દૂર થયો છે.

## ગણેશોત્સવમાં ધારાસભ્ય સંદીપ દેસાઈનો વ્યાપક લોકસંપર્ક

# ચોર્યાસી વિધાનસભાની ૩૨૫થી વધુ સોસાયટીઓ અને ગણેશ મંડપોમાં શ્રીજીના દર્શન કર્યા

**પ્રજા પંખ, સુરત,** તા. ૨૫ : ગણેશોત્સવ દરમિયાન ચોર્યાસી વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિસ્તારોમાં ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા વ્યાપક લોકસંપર્ક કરવામાં આવ્યો હતો. ગણેશોત્સવના દસ દિવસ દરમિયાન તેમણે મતવિસ્તારની ૩૨૫થી વધુ સોસાયટીઓ અને ગણેશ મંડપોની મુલાકાત લઈ શ્રીજીના દર્શન કર્યાં હતા. આ પ્રસંગે તેમણે ગણેશ મંડળોના કાર્યકરો, આયોજકો અને સ્થાનિક નાગરિકો સાથે મુલાકાત કરી ગણેશોત્સવમાં સહભાગી બન્યા હતા. ચોર્યાસી વિધાનસભા મતવિસ્તારમાં સુરત શહેરના ૧૦ વોર્ડ ઉપરાંત ચોર્યાસી તાલુકાના ૧૨ ગામોનો સમાવેશ થાય છે. મતવિસ્તારનું ભૌગોલિક ક્ષેત્ર વિશાળ હોવાથી ગણેશોત્સવ દરમિયાન વિવિધ વિસ્તારો સુધી પહોંચવા માટે અગાઉથી વિસ્તારવાર આયોજન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય સંદીપ દેસાઈના જણાવ્યા મુજબ ગણેશોત્સવ શરૂ થાય તે પહેલાં જ દિવસ પ્રમાણે વિવિધ વોર્ડ અને ગ્રામ્ય વિસ્તારોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના સમયે શરૂ થતી મુલાકાતો મોડી રાત સુધી ચાલી હતી. આ દરમિયાન પાલ, પાલનપુર, ઈચ્છાપોર, ભાઠા, ભાટપોર, પરવટ, ગોડાદરા, ડીંડોલી, વેસુ, ડુમસ, ભરથાણા, બમરોલી, વડોદ, ભીમરાડ, ઉન અને સચિન



સહિતના વિસ્તારોમાં તેઓ પહોંચ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં પણ કનસાડ, હાઉસિંગ કનકપુર, પારડી કણદે, સચિન, પાલી, ઉબેર, તલંગપુર, બુડિયા, ગભેણી અને આભવા સહિતના વિસ્તારોમાં આવેલા વિવિધ ગણેશ મંડપોની મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન અનેક સ્થળોએ સ્થાનિક નગરસેવકો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, સંગઠનના હોદ્દેદારો તથા સ્થાનિક આગેવાનો પણ જોડાયા હતા. ગણેશ મંડળોના આયોજકો દ્વારા ધારાસભ્યનું સ્વાગત કરી શ્રીજીની આરતી તથા દર્શનમાં સહભાગી કરાયા હતા. ગણેશોત્સવ દરમિયાન ધારાસભ્ય દ્વારા એક પછી એક વિસ્તારોની મુલાકાત લેતા ગણેશ મંડળો અને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંપર્ક સાધવાનો અવસર મળ્યો હતો. ધારાસભ્યના જણાવ્યા મુજબ, ગણેશોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ સમાજના વિવિધ વર્ગોને એકસાથે જોડતો ઉત્સવ પણ છે. આ પ્રસંગે મતવિસ્તારના લોકો સાથે રૂબરૂ મળવાનો અને તેમની લાગણીઓ જાણવાનો અવસર મળ્યો છે. આ રીતે ગણેશોત્સવ દરમિયાન ૩૨૫થી વધુ ગણેશ મંડપો અને સોસાયટીઓ સુધી પહોંચીને શ્રીજીના દર્શન સાથે નાગરિકો સાથે રૂબરૂ મુલાકાત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# દેલાડવા ગામે સુવિધાસભર નવી આંગણવાડીનું લોકાર્પણ



**પ્રજા પંખ, દેલાડવા :** તા. ૨૬/૦૯/૨૦૨૬ના રોજ દેલાડવા ગામે નવી આંગણવાડીના મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. GSPC અંતર્ગત ટાટા તરફથી સુંદર અને સુવિધાયુક્ત આંગણવાડી મકાનનું બાંધકામ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી યશ્રીબેન પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી હાર્દિકભાઈ પટેલ, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી પ્રિતેશભાઈ વંઝવાળા, સદસ્ય શ્રી જયાબેન વાસિયા, સંગઠન પ્રમુખ શ્રી અભિષેકભાઈ નાયક, મહામંત્રી શ્રી રમેશભાઈ પટેલ, ICDSના જસ્મીનબેન, ગામના સરપંચ શ્રીમતી નિકિતાબેન પટેલ, ડે. સરપંચ શ્રીમતી પ્રિયંકાબેન દેસાઈ, સદસ્યશ્રીઓ, તલાટી શ્રી પંકજભાઈ, આંગણવાડીના બહેનો, આશાવર્કરો તેમજ બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવી આંગણવાડીનું મકાન બાળકો માટે સુંદર, સુરક્ષિત અને સુવિધાયુક્ત વાતાવરણ પૂરું પાડે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ નવા મકાનના નિર્માણથી બાળકોને આંગણવાડીની સેવાઓ વધુ સુવિધાપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં મળી રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડી કેન્દ્ર દ્વારા બાળકોના પોષણ, આરોગ્ય, સંભાળ અને પ્રારંભિક શિક્ષણ માટે કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી.

લોકાર્પણ પ્રસંગે ગ્રામજનો, વાલીઓ, આંગણવાડી કાર્યકરો, આશાવર્કરો તથા બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. જડઈ અંતર્ગત ટાટા તરફથી નિર્મિત આ સુંદર અને સુવિધાયુક્ત આંગણવાડી મકાન ગામના બાળકોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સુવિધા બની રહેશે.

## જીવનભારતી બાલભવનના બાળકોએ કરાટે સ્પર્ધામાં મેદાન માર્યું



**પ્રજા પંખ સુરતઃ** તાજેતરમાં યોજાયેલી ૧૪ મી સુરત જિલ્લા કરાટે સ્પર્ધા - ૨૦૨૬ માં જીવનભારતી મંડળ સંચાલિત તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, બાલભવનના બાળકોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.

શાળાના ૧૧ બાળકોએ ભાગ લઈને ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. **વિજેતા વિદ્યાર્થીઓઃ** ગોલ્ડ મેડલ - ત્વિશા ભોસલે (Jr. KG B) અને નિત્યા પટેલ (Sr. KG A), સિલ્વર મેડલ - લાકડાવાલા મો. માઝ અને ક્રિયા-શી કાપડિયા, બ્રોન્ઝ મેડલ - શિવ રાણા, ક્રિશિલ પટેલ, મિર્ઝા આશિષકુમાર, ખ્વાહિશ ભરુચવાલા, ક્રિયા-ન્શ પ્રજાપતિ અને શુભ પટેલ. શાળાના આચાર્યા શ્રીમતી હિના પવાર અને મંડળના હોદ્દેદારોએ તમામ વિજેતા બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## લીંગડ પ્રાથમિક શાળામાં આંગન પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો




**પ્રજા પંખ પલસાણા :** આજ રોજ લિંગડ પ્રાથમિક શાળામાં આંગણ વાડીમાં પ્રવેશપાત્ર બાળકોને આંગન પ્રવેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી પીટીના સંગઠન મહા મંત્રીશ્રી પલસાણા તાલુકાના મિતેશભાઇ નાયક દ્વારા બાળકોને આગન પ્રવેશોત્સવ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંચાલિકા બહેનો અને તેડાગર બહેનો તેમજ ગામના તલાટી કમ મંત્રીશ્રી આનંદભાઈ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત તંદુરસ્ત બાળકોની માતાઓનું પણ આ તબક્કે સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં ત્રણેય આંગણવાડી સંચાલિકા બહેનોએ બહેનોએ ખૂબ જ સુંદર આયોજન કર્યું હતું.

ડ્રાયફ્રુટ જુદા જુદા ફ્રુટ તેમજ અન્ય જુદા જુદા નાસ્તાનો આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં મુખ્ય મહેમાન દ્વારા વિવિધ કીટ આપવામાં આવી તેમજ ચોકલેટ. નાસ્તા નું આયોજન કરાવ્યું હતું. ત્યારબાદ મિતેશભાઇ નાયક સાહેબ દ્વારા સંચાલિત બહેનોને નાના બાળકોની ખાસ કાળજી રાખવાની રહેશે તેમ જણાવ્યું હતું.

**ડ્રાયફ્રુટ જુદા જુદા ફ્રુટ તેમજ અન્ય જુદા જુદા નાસ્તાનો આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં મુખ્ય મહેમાન દ્વારા વિવિધ કીટ આપવામાં આવી તેમજ ચોકલેટ. નાસ્તા નું આયોજન કરાવ્યું**

## NEP ૨૦૨૦ પર વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજમાં UGC માન્ય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન

### ૧૮ રાજ્યો, ૩ કેન્દ્રશાસિત પ્રદેશો અને આશરે ૮૦ જિલ્લાઓમાંથી ૨૦૭ અધ્યાપકો, સંશોધનાર્થીઓ તથા શિક્ષણવિદોની સહભાગિતા



**પ્રજા પંખ સુરત,** તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬: સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત તથા UGC–MMTTC, જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુરના સંયુક્ત ઉપક્રમે NEP 2020: Orientation and Sensitisation વિષયક UGC માન્ય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP)નું તા. ૧૬થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

૨ ક્રેડિટના આ ઓનલાઇન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં દેશભરમાંથી વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો અને ૧૮ રાજ્યો, ૩ કેન્દ્રશાસિત પ્રદેશો તથા આશરે ૮૦ જિલ્લાઓમાંથી કુલ ૨૦૭ અધ્યાપકો, સંશોધનાર્થીઓ અને શિક્ષણવિદોએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી.

આ કાર્યક્રમનું આયોજન પ્રો. રાજેશ દુબે, ડિરેક્ટર, UGC–MMTTC, જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર અને ડો. ઇરમલા દયાલ, ઇન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરતના સંકલન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન અને સફળ અમલીકરણમાં વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજની એડમિનિસ્ટ્રેટિવ કમિટીના ચેરમેન તથા પ્રખ્યાત એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઈનું સતત માર્ગદર્શન રહ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરળ, મધ્ય પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યો તેમજ દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશમાંથી તજજ્ઞો અને મુખ્ય વક્તાઓએ વિવિધ વિષયો પર જ્ઞાનસભર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત અલીગઢ, ભટિંડા, બિલાસપુર, ચિત્તોડગઢ, દાર્જિલિંગ, ગુરુગ્રામ, જબલપુર, જયપુર, શિમલા અને વારાણસી જેવા વિવિધ જિલ્લાઓમાંથી પણ નિષ્ણાતોની સહભાગિતા રહી હતી.

દેશના વિવિધ પ્રાંતોમાંથી થયેલી વ્યાપક સહભાગિતાને કારણે આ કાર્યક્રમને રાષ્ટ્રીય સ્તરનું વૈવિધ્યસભર શૈક્ષણિક મંચ પ્રાપ્ત થયું હતું. નવી શિક્ષણ નીતિ (ગઊડ ૨૦૨૦)ની સમજ, તેના અમલીકરણ તથા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તેની પ્રાસંગિકતા અંગે અધ્યાપકો અને શિક્ષણવિદોને માર્ગદર્શન મળે તે કાર્યક્રમનો મુખ્ય શૈક્ષણિક હેતુ રહ્યો હતો.

સમાપન પ્રસંગે પ્રતિભાગીઓએ કાર્યક્રમને ઉપયોગી, સમયોચિત અને માર્ગદર્શક ગણાવી સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. કાર્યક્રમ દ્વારા વિવિધ રાજ્યોના શિક્ષણવિદોને એક મંચ પર જોડાવાની સાથે નવી શિક્ષણ નીતિ અંગે વિચારવિમર્શ અને જ્ઞાનના આદાનપ્રદાન માટે મહત્વપૂર્ણ તક પ્રાપ્ત થઈ હતી.

🏥 સ્ટાફની જરૂરિયાત છે 🏥

લાજપુર મેડિકલ ટ્રસ્ટ સંચાલિત

**રહીમિયા સાર્વજનિક હોસ્પિટલ**

હોસ્પિટલ માટે નીચે મુજબના સ્ટાફની જરૂરિયાત છે:

- MD ડોક્ટર
- MBBS ડોક્ટર
- રેડિયોલોજિસ્ટ
- રિસેપ્શનિસ્ટ

સ્થળ: લાજપુર ચાર રસ્તા, લાજપુર

સંપર્ક: ૯૦૩૩૯૩૨૦૩૩

રસ ધરાવતા ઉમેદવારોએ ઉપરોક્ત નંબર પર સંપર્ક કરવો.

**પ્રજાપંખ**

ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....

Praja Pankh | prajapankh
prajapankh | 99980 61470, 93747 20143
@prajapankh | prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦ | પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

PRAJA PANKH
(GUJARATI WEEKLY-SURAT)
પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત



## પૂરની વિકટ પરિસ્થિતિમાં માનવતાની ઢાલ બનેલા ૧૧૨ સેવાયોદ્ધાઓનું સન્માન

# સચિન ગૌરવ સન્માન-૨૦૨૬ માં સેવાભાવી યુવાનો, પોલીસ, સરકારી કર્મચારીઓ અને મીડિયા પ્રતિનિધિઓનું ગૌરવભેર સન્માન








**પ્રજા પંખ, સચિનઃ** રોટરી કોમ્યુનિટી કોર્પ્સ (RCC) સચિન-કનકપુર અને રંગાનુરાગ ટ્રસ્ટ, સચિનના સંયુક્ત ઉપક્રમે સચિન ગૌરવ સન્માન-૨૦૨૬ સમારોહનું ભવ્ય આયોજન બ્રહ્માકુમારીઝ હોલી પેલેસ, સચિન ખાતે કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જુલાઈ માસમાં ભારે વરસાદના કારણે સચિન અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની વિકટ પરિસ્થિતિ દરમિયાન નિ:સ્વાર્થ સેવા, અવિરત જનસેવા અને માનવતાની ભાવનાથી જરૂરિયાતમંદ લોકો સુધી મદદ પહોચાડનાર સેવાયોદ્ધાઓનું આ પ્રસંગે ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સાથે બી. કે. સવિતા દીદી અને બી.કે. રીના દીદીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વિશેષ અતિથિ તરીકે શ્રી મયુર ગોળવાળા, પ્રમુખ-સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે સચિન પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી પી.એન. વાઘેલા, સચિન GIDC પી.આઈ. શ્રી કુલદીપસિંહ ગોહિલ, પી. આઈ. ચૌહાણ મેમ, હાઉસિંગ બોર્ડ કનકપુર ચોકીના PSI સુનિતા સિંઘ સહિત પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત શ્રી તેજસભાઈ આહીર, પ્રમુખ વોર્ડ નં. ૩૦, કોર્પોરેટર શ્રી ચિરાગસિંહ સોલંકી, શ્રી વિજયભાઈ ટેલર, પ્રમુખ RCC સચિન- કનકપુર, ડો. બી. એમ. ગુપ્તા, સેક્રેટરી RCC, શ્રી ગિરિરાજસિંહ વાંસીયા, મેનેજિંગ ટ્રસ્ટી રંગાનુરાગ ટ્રસ્ટ, સચિન નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયરાજબા સોલંકી તેમજ RCC ચેરમેન શ્રી પ્રકાશ ભાવસાર સહિતના મહાનુભાવોની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી. પૂરના પાણી વચ્ચે સેવા બની માનવતાની ઓળખ સચિન વિસ્તારમાં પૂરની વિકટ પરિસ્થિતિ સર્જાઈ ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આવા કપરા સમયમાં પોતાની સુરક્ષાની ચિંતા કર્યા વિના અનેક સેવાભાવી વ્યક્તિઓ, યુવાનો, સામાજિક સંસ્થાઓ, પોલીસ કર્મચારીઓ, સરકારી વિભાગોના અધિકારી કર્મચારીઓ અને અન્ય સેવાભાવી કાર્યકરોએ રાહત અને બચાવ કામગીરીમાં જોડાઈ જરૂરિયાતમંદો સુધી મદદ પહોચાડી હતી.

આ સેવાભાવી કામગીરીને સમાજ સમક્ષ બિરદાવવા અને અન્ય લોકોને પણ સમાજસેવા માટે પ્રેરણા મળે તેવા ઉદ્દેશથી ૧૧૨ જેટલા સેવાયોદ્ધાઓને ટ્રોફી અને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહ દરમિયાન સરકારી વિભાગોના અધિકારી કર્મચારીઓ સાથે પ્રેસ અને મીડિયા ક્ષેત્રે પૂર દરમિયાન જનહિતની માહિતી લોકો સુધી પહોચાડનાર મીડિયા પ્રતિનિધિઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આવા સન્માનથી સમાજ અને પોલીસ વચ્ચેનો વિશ્વાસ વધુ મજબૂત બને છે. મુખ્ય મહેમાન ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈએ આવા સેવાયોદ્ધાઓના સન્માન બદલ આયોજકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, સમાજના વિવિધ વર્ગો સાથે મળીને કરવામાં આવતા આવા કાર્યક્રમો સમાજ અને પોલીસ વચ્ચેની એકતા, વિશ્વાસ અને સહકારમાં વધુ મીઠાશ લાવે છે. કપરા સમયમાં એકબીજાના સહયોગ માટે આગળ આવવાની ભાવના સમાજની સાચી તાકાત છે.

સચિન પી.આઈ. શ્રી પી. એન. વાઘેલાએ સન્માન બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ ટ્રોફી અને એવોર્ડ અમારા માટે માત્ર સન્માન નથી, પરંતુ ભવિષ્યમાં વધુ ઉત્સાહ અને શક્તિ સાથે જનસેવા કરવાની પ્રેરણા છે. આવા સન્માનથી અમારો આત્મવિશ્વાસ વધુ મજબૂત બને છે. સેવાયોદ્ધાઓના સન્માનથી સમગ્ર સમારોહ બન્યો ભાવસભર કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સેવાયોદ્ધાઓની નિ:સ્વાર્થ સેવા અને માનવતાની ભાવનાને બિરદાવી હતી. પૂરના પાણીમાં ફસાયેલા લોકો સુધી મદદ પહોચાડવી, રાહત સામગ્રી પહોચાડવી, બચાવ કામગીરીમાં સહયોગ આપવો તેમજ મુશ્કેલીના સમયમાં લોકોની પડખે ઊભા રહેવું.

આ તમામ સેવાકીય કાર્યોને આ પ્રસંગે વિશેષ રીતે યાદ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન RCC સચિન-કનકપુરના ચેરમેન શ્રી પ્રકાશભાઈ ભાવસારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુચારુ, સુંદર અને પ્રભાવશાળી સંચાલન બી.કે. ગુંજા દીદી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે RCC પ્રમુખ શ્રી વિજયભાઈ ટેલરે ઉપસ્થિત મહાનુભાવો, સેવાયોદ્ધાઓ, પોલીસ અધિકારીઓ, સરકારી કર્મચારીઓ, મીડિયા પ્રતિનિધિઓ તથા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સચીનના કૃત્રિમ તળાવે ગણેશ વિસર્જન સાથે સેવાભાવનો અનોખો સંગમ

### ધારાસભ્ય સંદીપ દેસાઈના વિકાસકાર્યો વચ્ચે ગણેશ ઉત્સવ સમિતિ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભાવિક ભક્તો માટે ઠંડા પીણા, પાણી તથા અલ્પાહારની નિ:શુલ્ક સેવા




**આવા સમયે ભાવિક ભક્તો ભૂખ્યા કે તરસ્યા ન રહે અને વિસર્જન માટે આવતા લોકો તેમજ સેવા બજાવતા સ્વયંસેવકોને જરૂરી સુવિધા મળી રહે તે માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને એનજીઓ દ્વારા નિ:શુલ્ક સેવા સ્ટોલ ઉભા કરવામાં આવે છે.**

**પ્રજા પંખ, સચીનઃ** વર્ષ ૨૦૨૧ થી સચીન વિભાગ સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા બાદ અહીં મહાનગરપાલિકાની વિવિધ નાગરિક સેવાઓ અને વિકાસકાર્યોને વેગ મળ્યો છે. ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈના જણાવ્યા મુજબ, સચીન સહિતના વિસ્તારમાં અત્યાર સુધીમાં આશરે રૂ. ૩૫૦૦ સો કરોડના વિકાસકાર્યો થયાની ઝાંખી જોઈ શકો છો.

સચીન-કનકપુર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા ઝોન-બી દ્વારા કૃત્રિમ તળાવની સુવિધા શરૂ કરવામાં આવ્યા બાદ ગણેશ વિસર્જન માટે આવતા ગણેશભક્તોની સંખ્યામાં વર્ષોવર્ષ નોંધપાત્ર વધારો થયો છે. શરૂઆતમાં મર્યાદિત સંખ્યામાં આવતા ભાવિકો હવે હજારોની સંખ્યામાં શ્રીજીની પ્રતિમાઓ સાથે વિસર્જન સ્થળે પહોંચે છે. ખાસ કરીને ભરબપોરની ગરમીમાં પણ ભક્તોની આસ્થા અને ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળતો નથી.

આવા સમયે ભાવિક ભક્તો ભૂખ્યા કે તરસ્યા ન રહે અને વિસર્જન માટે આવતા લોકો તેમજ સેવા બજાવતા સ્વયંસેવકોને જરૂરી સુવિધા મળી રહે તે માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને એનજીઓ દ્વારા નિ:શુલ્ક સેવા સ્ટોલ ઉભા કરવામાં આવે છે. ગણેશ ઉત્સવ સમિતિના ઉપપ્રમુખ મેહુલ પટેલના પ્રયાસોથી સુરત-નવસારી મેઇન રોડ પર આવેલા કનકપુર ઝોન-બીના કૃત્રિમ તળાવની સામેની આસપાસ અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠંડા પીણા, પીવાનું પાણી, નાસ્તો તથા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવે છે. ગણેશ વિસર્જનના સમગ્ર દિવસ દરમિયાન આ સેવાકાર્ય સતત ચાલુ રહે છે.

આ સેવાકાર્યમાં ખાસ કરીને દર વર્ષે વોર્ડ નં. ૩૦ના કોંગ્રેસ પ્રમુખ તથા સત્યસાંઈ સેવા સમિતિ સાથે જોડાયેલા જયેશ દેસાઈ, તેમજ ભદ્રેશસિંહ પરમાર, મનોજસિંહ પરમાર, કાર્તિકસિંહ રાઠોડ, ખંડુભાઈ પટેલ, ગૌરવકુમાર તથા લાલો ઉર્ફે હરિત દેસાઈ સહિતના સેવાભાવી કાર્યકરો દ્વારા વિશેષ જનસેવા સ્ટોલ ઉભો કરી ભાવિક ભક્તો માટે ગરમાગરમ નાસ્તો, પાણી તથા ઠંડા પીણાંની સેવા કરવામાં આવે છે.મહત્વની બાબત એ છે કે આ સેવા માત્ર સ્ટોલ સુધી મર્યાદિત રહેતી નથી. કૃત્રિમ તળાવ, ગણેશ વિસર્જન મંડપ તથા આસપાસના વિવિધ પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ, મહાનગરપાલિકાના કર્મચારીઓ, શ્રમિકો અને સ્વયંસેવકો સુધી પણ સેવાભાવી કાર્યકરો સ્વયં પહોંચી અલ્પાહાર અને પાણી પહોંચાડે છે. ભરબપોરની ગરમીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને સુરક્ષા જવાનોને સ્થળ પર જ નાસ્તો-પાણી પહોંચાડીને તેમની સેવા કરવાનો આનંદ સેવાભાવી કાર્યકરો મેળવે છે. ગણેશ વિસર્જન જેવા વિશાળ ધાર્મિક પ્રસંગ દરમિયાન જસેવા એ જ સાચી સાધના ના ભાવ સાથે કરવામાં આવતી આ માનવસેવા સચીન વિસ્તારની સામાજિક એકતા અને સેવાભાવની સુંદર ઝલક રજૂ કરે છે. પ્રશાસન, પોલીસ તંત્ર, સામાજિક સંસ્થાઓ તથા ભાવિક ભક્તો દ્વારા પણ આવા સેવાકાર્યોની પ્રશંસા કરવામાં આવે છે.

ગણેશોત્સવની ભક્તિ સાથે જયેશ દેસાઈની માનવસેવાનો સંદેશ આપતી આ પહેલ સચીન-કનકપુર વિસ્તારમાં ધાર્મિક આસ્થા અને સામાજિક જવાબદારીના સુંદર સમન્વયનું ઉદાહરણ બની રહી છે.

## સચિનમાં ગણેશ વિસર્જન દરમિયાન સેવાભાવની સરવાણી

# હજારો ભાવિકો સાથે શ્રીજીની વિસર્જન યાત્રા; વિવિધ સંસ્થાઓએ ખડેપગે રહી ભક્તોની કરી સેવા








**પ્રજા પંખ, સચિનઃ** સચિન વિસ્તારમાં શ્રી ગણેશજીના પવિત્ર વિસર્જન પર્વ નિમિત્તે વહેલી સવારથી જ ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રીજીની વિસર્જન યાત્રાનો પ્રારંભ થયો હતો. હજારોની સંખ્યામાં ગણેશભક્તો વિવિધ વિસ્તારોમાંથી શ્રીજીની મૂર્તિઓ સાથે વિસર્જન સ્થળે પહોચ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક આસ્થા સાથે સેવાભાવનું પણ સુંદર દૃશ્ય જોવા મળ્યું હતું.

શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેરના આશરે ૭૫ જેટલા સ્વયંસેવકોએ વિસર્જન સ્થળે ખડેપગે રહી વ્યવસ્થા અને સેવા કાર્યમાં સહયોગ આપ્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા વિસર્જન માટે જરૂરી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સચિન પોલીસ વિભાગ દ્વારા પણ સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. GEB દ્વારા પણ જરૂરી વીજ વ્યવસ્થા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

શ્રી ગણેશજીના પવિત્ર વિસર્જન પ્રસંગે સમસ્ત સચિન જૈન સમાજ દ્વારા સુડા સેક્ટર-૩ ખાતે આવેલા વિસર્જન ઓવારા પર ભક્તો માટે વિનામૂલ્યે બટાકા પૌઆની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો આશરે ૬,૦૦૦ જેટલા ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. આગળ જયેશભાઈ દેસાઈ અને સત્ય સાઈ સમિતિ દ્વારા પણ વહેલી સવારથી ગણેશભક્તો માટે નાસ્તાની સેવા કરવામાં આવી હતી. તેઓએ ગણેશ વિસર્જન મંડપ તેમજ કુત્રિમ તળાવ માં કામ કરતા શ્રમિક અને અન્ય પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ કર્મીઓ ને પણ તેમના પોઈન્ટ સુધી પોહચી ને અલ્પાહાર કરાવ્યો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), કનકપુર- સચિન વિભાગ દ્વારા મોડી રાત સુધી ભક્તો માટે આશરે ૫,૫૦૦ લીટર લીંબુ શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી RCC ક્લબ સચિન- કનકપુર તથા અવિનાશભાઈ પટેલ (બુડિયા) ના સહયોગથી આશરે ૯૦૦ લીટર ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું તો તે જ રીતે જીતુભાઈ મિત્ર મંડળ સુડા દ્વારા આશરે ૫૦૦ પાણીની બોટલ, ૩૦૦ કોલ્ડ ડ્રિંક્સ તથા છાશનું વિતરણ કરી ભક્તોને ભારે ગરમીમાં રાહત આપવામાં આવી હતી. ભેરુનાથ મિત્ર મંડળ, કનકપુર દ્વારા પણ વિશાળ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા આશરે ૨૫૦ કિલો બુંદી, ૨૫૦ કિલો ગાંઠિયા, ૧૪,૨૦૦ કેળાં તથા ૧૫,૦૦૦ પાણીની ઠંડી બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિસર્જન સ્થળે શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેરના ઉપપ્રમુખ મેહુલભાઈ પટેલ તથા તેમની ટીમ દ્વારા મુલાકાત લઈ વિવિધ NGO અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી સેવાકીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓનું સન્માન કરી તેમના નિ:સ્વાર્થ સેવા કાર્ય બદલ હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સુડા સેક્ટર-૩ ખાતે બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં દિવસ દરમિયાન આશરે ૧,૫૦૦થી વધુ નાની-મોટી શ્રી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. સમગ્ર વિસર્જન પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ હતી. આ સમગ્ર સેવા અને વ્યવસ્થાના માહોલમાં પોલીસ, સુરત મહાનગરપાલિકા, GEB, શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, વિવિધ NGO, સેવાભાવી સંસ્થાઓ, મિત્ર મંડળો તમામ પત્રકાર તથા સ્વયંસેવકોના સંકલિત પ્રયાસોથી ગણેશ વિસર્જન પ્રસંગ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

**શ્રી ગણેશજીના પવિત્ર વિસર્જન પ્રસંગે સમસ્ત સચિન જૈન સમાજ દ્વારા સુડા સેક્ટર-૩ ખાતે આવેલા વિસર્જન ઓવારા પર ભક્તો માટે વિનામૂલ્યે બટાકા પૌઆની વ્યવસ્થા કરવામાં આવી હતી,**

OWNER , PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230